AN ANSWER OF THE PROTECTION OF COW

રાંદેર મહફેલે ઇસલામના તરફથી ભેટ.

૭૮૬

જવાબે ગૌરક્ષ.

આ ચોપાનીયું જે સાહેબને જોઇએ છાપી પરગટ કરે. અને એમા મુસલમાના વરસ ૧૦૦નું છાપેલુ પંચાંગ પણ એ ચોપાનીયાંની સાથે છાપે.

રચનાર.

રાંદેર મહફેલે ઇસલામના શેકરેટરી

હાજી યુસુફ સાલેહ મુ.

હીજરી સને ૧૩૦૬ ઇશાવી સને ૧૮૮૯

સુરત ખોદાબક્ષ પ્રેસ.

-શરુ કરું છું સાથનામ અલ્લા બક્ષીશ કરનારો મેહેરબાનના.

સરવે તારીફ વાસતે અલ્લાને જે સાહેબે અમારા દીલોમા ઈસલામના નુરની રોશની આપી દરેક ખોટા ખરાને ઓળખવાની શકતી આપીછે અને દરૂદ અને સલામ થાય તેના પેગમબર મોહમમદ અને તેવણની ઓલાદ અને અસહાબો સરવે પર.

સાહેબો, શહેરની મહફેલે ઈસલામ પરજાની ખેરખાહી ચાહી સરવે અકલમંદ દાના ગ્રહસ્થોને વીચારવા માટે, જે ગૌપુકાર નામનુ ચોપાનીયુ અને ઈલાહાબાદવાલી ગઉરક્ષ મંડળીના સેક્રેટરી શ્રીમાન સવામી સાહેબે મુંબાઈમાં આવી ગઉરક્ષ વીશે જે ભાષણો આપેલા તે તા૦ ૨૪-૨૭-૨૮ જુન અને તા૦ ૧-૯ જુલાઈ ૧૮૮૯ના મુંબાઇસમા ચાર છાપામાં પરગટ થયલાછે તેવણના જવાબમાં આ ચોપાનીયુ છપાવી પરગટ કરેછે કે, આજ કેટલીક મુદતથી હીનદુઓ, ધરમની બાબતમાં ગઉવધનો અટકાવ કરવામાં નહીં ફાવ્યાથી અંદર ખાને પોતાના ધરમની લાગણી રાખી જાહેરમાં ગઉવધ થવાથી પ્રજાની મોટી નુકશાની, અને ગઉરક્ષ કરવાથી ઘણો ફાઈદો થવાના હીસાબો ગામો ગામ, મંડલીઓ, ઉભીકરી, ચોપાન્યા, છપાવી, ભાષણો કરી, અને બીજાના ધરમના નામથી ખોટા દાખલા કહી લોકોને ધોકામાં નાખી, હીનદુ, પારસી, મુસલમાન, ખ્રીસ્ટી, સરવેને, એકમત કરી સરકારથી ગઉવધનો અટકાવ કરાવી પોતાની મતલબ પુરી કરવા માંગેછે. જેમકે, વાઘરી ફાંદામાં દાણા બતાવી જનાવરો ફસાવેછે, અને જો એ ફાંદો નહીં હોય તો, ફરી સરવે કોમને એકમત કરવાની શી જરૂરછે ! કેમકે, ગઉરક્ષ કરવામાટે કાંઈ સરકારનો અટકાવ નથી, ત્યારે, હીંદુસ્તાનમાં હીનદુઓની વસતી કુલ વીસકરોડનીછે. તેઓને જોઈએકે, દરએક ઘર દીઠ એક બે ગાયો, પાલવુ સરૂકરે જેથી આઠ દસકરોડ ગાયો પલી જશે. અને તેઓનું ઘણું દુધ, ઘી, અને, ગાય, બળદીઆ; દર વરસે થઆ કરશે, જેથી, તેવણના બતાવ્યા પ્રમાણે તેઓને ઘણો ફાઇદો થશે, અને, કદી તેની ખોટ પડશે નહીં. અને કાપવા માટે પણ જ્યારે તેઓ, વેચશે ત્યારેજ કપાશે, અને જેને જોઈશે તે પાલી કાપીલેશે. અને, જો સરકાર પાસે ગઉચરણ મુકાવવા માંગતા હોય તો તેમાં મુસલમાનો રાજી થવાને ના પાડશે નહીં. બાકીતો સરવે ભુલાવાના ફાંદા છે. અને તેમાં ફાઈદો થવાના બદલામાં ઉલટો હીનદુસ્તાનની પ્રજાપર અને, ઢોરોપર એક મોટી આફત આવવાના હીસાબોછે. તે અમે નીચે ટાંકી બતાવીએ છીએ. અને, તે ભાષણો કરનાર અને ચોપાનીઆ બનાવનારાઓએ જે બીજા ધરમના દાખલા કહી બતાવ્યાછે. તે તેવણને બીજાના ધરમના દાખલા સમજવાનું કેટલું જ્ઞાનછે, તે પણ લખી જણાવીશું.

હવે જુઓ, સુરતની "આર્ય ધર્મ પુસ્તક પ્રસારક મંડલીએ એક ચોપાનીયુ "ગોપુકાર" નામનુ છપાવી પ્રગટ કરેલુછે. અને તેમાં એક ગાય મારી જવાથી તેની પાંચ પેઢીના હીસાબે દરએક છો વેતર.

નીઆયતો ૧૫૫૫ ગાયો નુકશાન થવાનું લખેલું છે. જે સામેના કોઠા પ્રમાણેછે. અને તેના બાર વરસના દુધના રૂ૦ ૨૦૯૯૨૫૦ ની નુકશાની બતાવેલીછે. એ તદન ધો કો ભુલાવો આપવાનોછે. અને જો બળદીઆ જન્મે તેપણ ૧૫૫૫ લખેલાછે અને તેની દસ વરસની ખેતી ખે ડેલા અનાજના રૂ૦ ૧૮૬૬૦૦૦૦ ની નુકશાની બતા વેલીછે, પણ દુનીયામાં એવો ધારો નથીકે, એક ગાય તેના પાંચ પેઢીના બચ્ચાં સુધી સરવે ગાયોજ જન્મે કે તે૧૫૫૫થાય અને જેબળ દીઆ ૧૫૫૫ થવાનું લખીયુછે એતો થઈ શકતુજ નથી કેમકે, જો પેહેલીજ ગાય છો બળદીઆ જન્મેતો ફરી તે સાત પણ થઈ શકતા નથી, પણ દુનીઆના ધારા પ્રમાણે અડધા બલદીઆ અને અડધી ગાયો જન્મે, તો એક ગાયની પાંચ પેઢી સુધી ૧૨૧ ગાયો અને ૧૨૦ બળદીઆ થાયછે, જે જુમલે ઢોરો ૨૪૧ થયાં જેનો કોઠો સામે પ્રમાણેછે. અને એની મુદદત ઓછામાં ઓછી ૩૬ વર્ષની થાય છે, પણ તે ચોપાનીયામાં એકબી મરણ બતાવેલું નથી અને, તેનો એક પૈ ખરચ પણ બતાવેલો નથી. એવાંજ સરવે પોકલ હીસાબો લોકોને કહી સંભલાવેછે. પણ ઘણીજ અફ સોસની વાત એછેકે, સરવે કોમના મોટા મોટા નામીચા વીદવાન ગ્રહસ્થો એવી સભાઓમાં, એવા હીસાબો, સાંભ લી ખુશ થઈ કબુલ કરી લીયેછે!

પેઢી	ગાયોની શં[ખ્યા]
૧	૧
૨	૬
૩	૩૬
૪	૨૧૬
૫	૧૨૯૬
ટોટલ	૧૫૫૫

પેઢી	મા.	નર
૧	૧	૦
૨	૩	૩
૩	૯	૯
૪	૨૭	૨૭
૫	૮૧	૮૧
ટો.	૧૨૧	૧૨૦

હવે ઉપલી ગાય એકની ઓલાદ ૧૫૫૫ ને અમો રદ કરી ૨૪૧ ઢોરો સાબેત કરી આપ્યાછે, પણ તેના નફા નુકશાન નો હીસાબ અમે એટલા માટે નહીં કરી બતાવીયા કે, તેમાં તેના મરણ બાદ કરેલા નથી. પરંતુ શ્રીમન સવામી સાહેબ જે "અલાહા બાદ" ની, ગઊરક્ષ મંડલીના સેકરેટરી અને જે ૧૬૪ ગઊશાળાના, ઉપરી જેમાં ૧૪૦૦૦ ગાયો પલેછે અને જે ગામો ગામ ફરી એ વીશે ભાષણો કરેછે. તેવણે પણ ઢોરોનો હીસાબ આપેલોછે. તેમાં થી ઢોરોના જન્મ અને મરણ બાદ કરતાં, તેની પાંચ પેઢી સુધી કેટલા ઢોરો થાયછે, અને, તેનો ખરચ શું થાયછે, અને તેથી હીનદુ સ્તાનપર શી આફત આવેછે. તેનો હીસાબ અમે નીચે લખી જણાવીએ છીએ જે ઉપરથી ઉપલો હીસાબ પણ સમજી લેવો, જુવો એવણે તેમાં હીનદુસ્તાનના કુલ જુદા જુદા ભાગોના ઢોરોની સંખયાના થોડા આંક ડા કહી ૩૭૯૫૦૭૯૬૪) બતાવેછે. જેમાં, શીન્ધ, ઈલાકાના ઢોરો, અ ને મુંબાઈ ઈલાકાની ભેંસોપણ જણાવેલી નથી. અને, તે ઢોરોમાંથી ગા ય તથા ભેંસો બાદ કરી ખેતીના લાએકના બળદીઆ, અને પાડા એક કરોડ એસીલાખ બતાવીયાછે. અને એ બતાવી તેવણ કહેછે કે જો, ગઊ વધ થતો નહીં અટકાવશો તો આજથી ૬૦-૭૦ વર્ષમાં આખા હીન દુસ્તાનના લોકો દરીદર અને, કંગાલ થઈ જશો, પણ અમે કહીએ છીએ, કે, આજથી ગઊવધ થતો બંદ થાયતો આજથી ૩૬ વરસ

.. હીનદુસ્તાન, અબજો રૂપીઆ નુકશાન કરી લોકો દુધ ઘીઈ ના મોહતાજ થઈ ઢોરો ચારા વગરના મરી જાય, અને, તે વખત કોઈ પાલીજ શકે નહીં.

હવે, જુવો, શ્રીમન સાહેબના બતાવ્યા પ્રમાણે જ્યારે એક કરોડ એંસીલાખ ખેતીના કામના બળદીઆ અને પાડા છે. ત્યારે તેમજ વીયાવાને અને, દુધ આપવાને લાએકની ગાયો અને ભેંસો પણ એક કરોડ એંસીલાખ હોવી જોઈએ. અને એ ગાયો અને ભેંસોને શ્રીમન સવામી સાહેબના કેહવા પ્રમાણે દસ બચ્ચાં થાયછે પણ અમે કહીએછીએકે, જો, સરાસરી છો બચ્ચાં અડધા નર અને અડધી, માદા, વીયાઈને તે મરણ પામેતો તેની પાંચ પેડીમાં કુલ ૨૯૧૬૦૦૦૦૦૦ બે અબજ એકાણું કરોડ સાઠ લાખ ઢોરો થાયછે. અને એની મુદત ૩૬ વરસની થાયછે, જેનો કોઠો સામે પ્રમાણેછે અને એ પ્રાંત ગાયો, અને ભેંસો, અને, તેની પાંચ પેઢી સુધી તેના છો છો વેતરમાંથી પેહેલી તરફ માદા અને, બીજી તરફ નર બતાવેલાછે. અને, દરએકના મરણ બાદ કરી નીચલી રકમોનો સરવાળો પરાંત ઢોરો સમજવા, અને બાકી મરણના કુલ એક અબજ ચુમમાલીસ કરોડ થાયછે. પણ એટલા ઢોરો ૩૬ વરસની મુદતમાં મરણ પામતા નથી. કેમકે શ્રીમન સાહેબ, દર વરસે ભુખમરાથી, અને, બીમારીઓથી, પચાસ લાખ મરણ પામવાનું કેહેછે ત્યારે ઉપલી મુદતમાં કુલ અઢાર કરોડ ઢોરો મરણ પામવા જોઈએ.

પેઢી	માદાની સંખ્યા	પેઢી	નરની સંખ્યા
૧	૧૮૦૦૦૦૦૦	૧	૧૮૦૦૦૦૦૦
૨	૫૪૦૦૦૦૦૦	૨	૫૪૦૦૦૦૦૦
૩	૧૬૨૦૦૦૦૦૦	૩	૧૬૨૦૦૦૦૦૦
૪	૪૮૬૦૦૦૦૦૦	૪	૪૮૬૦૦૦૦૦૦
૫	૧૪૫૮૦૦૦૦૦૦	૫	૧૪૫૮૦૦૦૦૦૦

પ્રાંત ગાય ભેંસો	૧૪૫૮૦૦૦૦૦૦	ઉપલી ચાર ચાર રકમોને નવ નવ વરસે, મરણ નાખીયા છે.
પ્રાંતબળદ પાડા	૧૪૫૮૦૦૦૦૦૦	
ટોટલ.	૨૯૧૬૦૦૦૦૦૦	

હવે હાલની ત્રણ કરોડ સાઠ લાખની પ્રાંતી કરતાં, આવતાં, ૩૬ વરસમાં ૭૬ ગણા ઢોરો વધારે થાયછે. ત્યારે એમાં એક મોટો વીચાર લેવો જોઈએકે, હાલનાજ ઢોરોમાં ચારાનો ભુખમરો થઈ, દરએક ઢોર દીઠ મહીને રૂ ૪ નો ખરચ થવાનો શ્રીમન સાહેબ કબુલ કરેછે, તો જયારે એના ૭૬ ગણાં ઢોરોવધે ત્યારે ૭૬ ગણો ઢોરોનો ભુખમરો, અને, ચારાનો ભાવપણ થવો જોઈએ ? ત્યારે એક ઢોરને દર મહીને રૂ૦ ૩૦૪) નો ચારો થતાં, હાલનાજ ઢોરો જેટલાનું પોશાણ થાય અને શ્રીમન, સાહેબ, એક ગાયનું રોજનું ૬ શેર દુધ આપવાનું કહેછે. ત્યારે તે ચાર આનાની કીમતનું થયું અને માસ ૧) ના રૂ. ૭ાા થયાં તો ફરી કોઈ ઢોરને પાલીજ શકે નહી, અને દુધ, ઘી, પણ કોઈને મલી શકે નહી અને તે, સરવે, ઢોરો, ભુખમરાથી મરી જવા જોઈએ, કેમકે હીનદુસ્તાનની જમીન જે છે તે કાંઈ મોટી થઈશકતી નથી, અને, વરસાદ પણ જે પડેછે તેમાં કોઈ વધારે કરી શકતુ નથી, ત્યારે એજ ચારામાં તે સરવે ઢોરોનું પોશાણથવુ જોઈએ ત્યારે

સ્વામી સાહેબના કહેવા પ્રમાણે હાલની ૨૫ કરોડની વસતીમા,
ણસ દીઠ ૧૨ ઢોરો થાય; અને, ખેડાતી અગીઆર કરોડ એંશી લા
ખ એકર જમીનના એકર દીઠ ૬ જોડી બલદ પાડા થાય જેને
સરવે ખેતી પણ ખવાડી દેવી પડે, અને જો તેઓને માટે સરકાર
થી ચરણની જગ્યાઓ મુકાવો તો ફરી તેમાં માણસોને માટે, થતો
અનાજ અથવા બીજી ચીજોની ખોટ પડી જશે જેથી લોકો. મોટા દુકા
લમાં સપડાઈ પડશે, જેમકે હાલમાજ દર વરસે કોઈ કોઈ ઇલાકામાં
દુકાલ જારી રહેલોછે. અને હાલના કપાતા ઢોરોની કીમત શ્રીમન
સાહેબ રૂા. ૫) ની ગણેછે, તો જયારે લોકોને પાલવાની શકતી હોય તો
કદી એ કીમતમાં વેચાય નહીં, પણ તેમાં ઘણાં ઉતરેલાજ ઢોરો કપાયછે,

હવે, એમાં બીજી મોટી નુકસાની એછેકે, ઉપલા કોઠાના ઢો
રોમાથી દરએક પેઢીના ઢોરની ઉંમર નવ નવ વરસની રાખી મર
ણમાં દાખલ કીધાછે, અને તે સરવેની સંખયા એક અબજ ચુમમાં
લીસ કરોડની છે, પણ શ્રીમન સાહેબના કહેવા પ્રમાણે ગાયની ઉંમર
૩૦ વરસની થાયછે. અને તેમાંથી પણ અમો દસ, દસ વરસ બાદ
કરીને જો, દસજ વરસ તે ઢોરો વગર દુધ વેતરના અને ખેતીથી ન
કામા રહે, અને મરે ત્યારે તેને ગાદી દીએ, તો તેમા પ્રજાની કેટલી
નુકસાની થાયછે. તે અમે બતાવીએ છીએ જુવો કે શ્રીમન સાહેબના કહે
વા પ્રમાણે હીંદુસ્તાનમાં દરરોજ ૯૦૦૦ને હીસાબે વરસ ૧) માં
૩૨૮૫૦૦૦ ઢોરો કપાયછે. તેને હીસાબે ૪૩૮ ચારસો આડતીસ વરસની
માણસની ખોરાકી બાતેલ થાયછે. અને તે સરવે ઢોરોના ચામડા જો
દરએકની કીમત રૂ૦ ૩) ની ગણેતો રૂ૦ ચાર અબજ બત્રીસ કરોડની
નુકસાની થાયછે, અને જો તે એક ઢોરને નકામા ના કારણથી રોજનો
આના એકનો ચારો ખવાડે તો, તે સરવે ઢોરોનો વરસ ૧૦ નો ખર
ચ રૂ૦ ૩૨૮૫૦૦૦૦૦૦૦ ત્રણ નીખર્વ બેખર્વ આઠ અબજ પચાસ
કરોડની નુકસાની થાયછે. અને માસની ખોટ પડવાના કારણથી હાલ
જે બકરા ઘેટાનુ માસ બે આને શેર વેચાયછે તે આઠ આને પણ
મલવુ મુશકેલ પડે, ત્યારે કોઈ ગરીબ ખરીદ કરી શકેજ નહીં. જેથી
ખુદા પાસે પનાહ માગીએ છીએ કે, કોઈ દુશમનના ઉપર પણ એવા
દહાડા લાવે નહીં એવીજ તરેહથી હીનદુસ્તાનના લોકો આગલો પાછલો
કાંઈ વીચાર નહી કરી કંગાલ થતા જાયછે.

હવે આવી મોટી ખરાબીની સાથે એને આડે આવનારને શ્રીમન
સાહેબ કમબખ્ત" એટલે અભાગ્યો" કહેછે અને એ શબ્દ એક ગાલ તરીકે
વપરાયછે. અને એને આડે આવનાર મુસલમાન અને ખ્રીસતીછે. કેમકે
જો એમાં મોટી નુકશાની પણ થતી હોય જેમકે હીંદુઓમાં લાખો વીધવા
દુઃખ ભોગવેછે. તો પણ ધરમના હુકમ પ્રમાણે આડે આવવુજ
જોઈએ. અને જો પર ધરમીની ખાતરથી તેમ માની લીએ તો હમારા
કુરઆન શરીફના હુકમ પ્રમાણે મોટા ગુનેહગાર થવુ છે, સુરઅન આ
મ ૨૬ ૧૭. માટે જો એવા શબ્દો વપરાશેતો ભયછે કે, એમાં કાંઈ ફસાદ થાય
કેમકે તેમાં મોહમેદન. ગઉવધ કરનાર અને ખાનારને કુદરતા વર્ગ

ના કહેછે. પણ ઘણું કરી બકરી ઈદમા ઉચાજ વરગના લોક ગૌવ ની કુરબાની આપછે.

હવે, જો, હાલનાજ એક કરોડ એંસીલાખ માદા અને તેટલાજ નરમાંથી દર વરસે ૩૨૦૦૦૦૦ એટલે શોલલાખ નર અને શોલ લાખ માદા કપાય તો પણ તેની પેહેલીજ પેઢીના આજથી ૯ વરસમાં ૬ વેતર આપી તે મરણ પામેતો, માદાવોની થતી બમણી ઓલાદનું અડધી માદા અને અડધા નર ની માંતી બાર કરોડ ચારલાખ ઢોરોની રહે છે. જેમાં ફકત માદાના આંકડાં સામે પ્રમાણેછે. અને તેમા વચલા સરવાલા સુધી અસલ માદાના બચ્ચાંછે. અને નીચે તેના બચ્ચાંછે. અને તેમાં તેટલાજ નર મેલવી સરવાલો આપેલોછે. અને અસલ ઢોરો માંથી માંત રહેલા એક કરોડ અડશેંટ લાખને એટલી મુદદતમાં મરણના બાદ કરેલાછે. જેને જોઈએ તે ગણી લીએ.

માદાની જન્મેલીમાં દાવોના શંખીયા.
૮૨૦૦૦૦૦
૭૪૦૦૦૦૦
૬૬૦૦૦૦૦
૫૮૦૦૦૦૦
૫૦૦૦૦૦૦
૪૨૦૦૦૦૦
૩૭૨૦૦૦૦૦
૪૧૦૦૦૦૦
૪૧૦૦૦૦૦
૪૧૦૦૦૦૦
૩૭૦૦૦૦૦
૩૭૦૦૦૦૦
૩૩૦૦૦૦૦
૬૦૨૦૦૦૦૦
૬૦૨૦૦૦૦૦
ટો.૧૨૦૪૦૦૦૦૦

હવે શ્રીમન સાહેબ જે હાલમાં આગલા વખત કરતાં પ્રજા દુખી થવાનું કારણ ઢોરો ઓછા થવાથી કહેછે એ, તેવાણનો ભુલાવોછે. કેમકે જુવો, તા૦ ૨ ફેબરવારી શને ૧૮૮૮ ના સુરતના દેશીમીત્રમાં, શને ૧૮૧૦ ની કુલ દુનીયાની વસતી પત્રકના માણસ અડશેટ કરોડ વીસલાખની હતી તે વરસ ૬૦ પછી એટલે શને ૧૮૭૦ ની વસ્તી પત્રકના કુલ માણસ એક અબજ ઓગણ ચાલીસ કરોડ દસ લાખની લખેલીછે. ત્યારે એ વરસ સાઠમાં બમણા માણશ થયા, તો, હીનદુસ્તાનમાં પણ હાલના અડધાજ માણસ હોવા જોઈએ. તયારે તે વખતમાં મીસાલ, શેર ૦।।। ની ખોરાકીમાં માણસ ૧ ખાતાં વધતુ હતું અને હાલશેર ૧ માં માણસ ૨) ખાનારા થયાં, ત્યારે લોકોમા કેમ, ગરીબી નહીં આવે? અને, શ્રીમન, સાહેબ, જે, આજથી ૩૦ વરસ પર બંગાલ ઈલાકામાં દુધ ઘી ઘણુ સસતુ હોવાનું, અને હાલ બજા દેશાવરો, ઘી નહીં જવાનુ કહેછે એ તેવાણ ઊંઘમાંછે, કેમકે, તે સસતુ હોવાનુ એક કારણતો એજ હતું કે, તે વખતમા, હીનદુસ્તાનમાં હાલની તરેહથી સરવે ભાગોમાં આગગાડીઓ થઈને જોડાઈલીઓ, નહતીચા માટે જયાંનું તયાંજ સસતું મોઘું વેચાતું હતું. અને હાલમાં જયાં કાંઈ ચીજની પણ તાણ પડેથી આગગાડીમાં, ભરાઈ ચાલ્યું જાયછે, જેથી, સસતું થવું અટકી ગયુંછે. અને દેશાવરો ખાતે, પણ એટલું ઘી જાયછે કે, રંગુન, મોળમીન, પીનાંગ સીનગાપોર બેંગકોક, હંગકાંગ કનતાંગ, પાડાંગ સુરબાયા મોરીસ, બીરબોં, જંગબાર. દાલગુબબા, નાટાલ ડેમરારા, જયાં હીનદુસ્તાનના, લાખો માણસ જઈ વસેલાછે. અને એમાં, કુટલાએક દેશોમાતો ઘી બનતુંજ નથી અને એ સરવે દેસાવરો ખાતે હીનદુસ્તાનથીંજ દર સદીને, હજારો મણ ઘી જાયછે જેને તપાસવું હોયતો, માલ ચડતા

બંદરોની કુરટઓમાં, જુવો, અને એજ દેશાવરોમાં અમો લોક જઈ
વેપાર કરીએછીએ, જે, નજરે જોઈલુંછે અને એરીજ તરેહથી આગ
બ્ર વીગેરે પણ સેંકડો વહાણ આગબોટો, ભરાય દેશાવરો જાયછે.
એટલું આગલ નહીં જતું હતું, અને તેના જે રૂપીઆ અવેછે તે
માંથી દર વરસે, શ્રીમંન સાહેબના કહેવા પ્રમાણે રૂપીઆ પચાસ
કરોડ ઈંગલન્ડ જાયછે, પણ અસલ જોતાંતો, હાલમાં હીનદુઓ સર
વે, અંગરેજી સીખવા લાગીગયાછે. અને જે શીખી રેહેછે. તેને ફેરી બા
પ દાદાની તરેહ ખેતી ખેડવી દુકાનદારી કરવી પસન પડતી નથી.
અને તે સરવેને ખુરશીએ, બેસી મહીના ખાવાનું જોઈએછે, પણ
તેમ નહીં મલવાથી દુખી થઈ, આત્રી બુમો પાડેછે. !

હવે, બીજાના ધરમના દાખલા તેવણે કેટલા ખરા કહી સંભલાવેયાછે.
તે જુવો, કે, ગઉપુકાર ચોપાનીયાવાલાએ અમારા કુરઆન શરીફથી
એહરામના વખતમાં (હજમાં એક ક્રીયાનું નામછે) શીકાર
નહીં, કરવાનો અને કરેતો, તેના પછી જનાવરોનો, ભોગ આપવાનો
દાખલો, લખી, મુશલમાનોને જનાવરોનો વધ નહીં કરવાનો હુકમ સાબેત ક
રેલુંછે પણ તેવણને એટલી સમજ નહીં પડીકે, એ, એક ક્રીયાનું વખ
તછે. (જેમકે, હીનદુઓને અપવાસમાં, ખાવું રોટલી નહી ખવાય,) અને
તે વખતમાં પણ ગાય બકરા વધકરી ખાવાનો હુકમછે, અને જો
શીકાર કરેતો પાછો તેના બદલામાં ઉંટ, ગાય અથવા, બકરાનોજ
ભોગ આપવો પડેછે. ત્યારે જનાવરો વધ કરવું કેમ અટકાવ થયુ ? એ
વીજ તરેહથી શ્રીમન સાહેબ પણ કુરઆંન શરીફમાં ગાય હલાલ એ
ટલે ખાવાનું કબુલ રાખી પાછા મોહમદી ધરમમાં બકર એટલે ગાય
અને મકર એટલે પાખાણ, અને સજર એટલે ઝાડ અને, અમર એટલે હુક
મ અને, સમર, એટલે ફળ ને હરામ કહેછે. પણ તેવણ એટલું નહીં
સમજ્યાકે, બકર એ ગાયનેજ, કહેછે ફેરી તે હરામ કેમ હોય ? અને
આ એક નાની વાત પણ નહીં સમજયાકે જો, ઝાડ અને ફળ ખાવુ
હરામ હોયતો, ફેરી શુ ખાયને માણસ જીવે? અને હુકમ કરવો પ
ણ હરામ હોયતો, ફેરી કોઇ માણસ કેમ કાંઈ શીખી શકે ? માટે
સવામી સાહેબનું કેહવું ખરૂં હોયતો કુરઆન શરીફમાં સાબેત કરી આપે,
અને, કુરઆન. સરીફમાં જે ગૌવધ કરવાનું કહેલું નહીં હોવાનું સવામી સા
હેબ કહેછે, તે પણ ખોટુંછે જુવો, શુરા બકરના, રકુ ૮ માં ગૌવધ કરવાનુ
કહેલુંછે, અને મુશલમાનોને ખાવાનુ નહીં મલવાની જગ્યામા ગઉનું મા
સ ખાવાને મોહમમદ પેગંબર સાહેબે હુકમ આપવાનું અને તેવણે હાથે ક
પડું લપેટી તેનું લોહી ચાખવાનું જે શ્રીમન સાહેબ કહેછે એ પણ; તદન ખો
ટુંછે. કેમકે જે ચીજ હલાલ હોય ! તેને નહીં મલવાથી ખાવાની
કાંઇ મતલબ નહીમલે પણ હરામ ચીજ, તેવા વખતમાં ખવાયછે,
જેમકે, હીનદુઓને શ્રીમંત સાહેબ ભંગીયાના ઘેરમાં ખાવાનું કહેછે.
અને વહેલું લોહી ચાખવું એ તો કુરઆન સરીફમાંજ હરામ કહેલુંછે
અને મોહમમદ પેગમબર સલલાહો, અલેહે વસલમનું ગાયની કુરબાની
કરી, અને ઘેર બેઠે ગાયનું માસ ખાવું કુરઆન સરીફથી બ.જા, દરજ

ની કીતાબ "સહી બુખારી;" અને મુસલીમ શરીફમાંછે. જેને જોઇએ, તે તપાસી લીએ, અને શ્રીમન સાહેબ જે, કુરઆન સરી ફથી પાંચ ચીજોનો, ગુનો, નહીં માફ થવાનો, જેમાં, ગાય, કાપનારનો પણ, કહેછે અને પઇસા લઇ કસાઇઓ, ગાય કાપનારને ત્યાંના માસને પણ હરામ કહેછે એ તદન, તેવણની ઉપલી કબુલાતથીજ જુઠુછે, અને જો સવામી સાચા માણસ હોયતો કુરઆનમાંસાબેત કરી આપે, પણ શ્રીમન, સાહેબ, મુસલમાની ધરમજ નહીં સમજયા, કે, કોને કહેછે, તે તેવણને અમે સમજાવીએ છીએ.

જુવોકે મુસલમાની ધરમ તેને કહેછેકે, હજરત આદમથી લઇને હજરત મોહમમદ પેગમબર સલલ્લાહો અલેહે વસલ્લમ સુધી જેટલા પેગમબરો એક પછી એક આવ્યા, અને તેવણ સરવેપર ખુદાતઆલાએ, જે જે હુકમ મોકલેલા, અને તેમાં એકને પછી બીજાના વખતમાં ફેર નહી કરેલા તે, સરવેને માનનારાવોને મુસલમાન કહેછે, અને તેમાં એક પેગમબરથી પણ કોઇ ઇનકાર કરનાર મુસલમાનીથી બાતલ થાયછે તો તેવણમાંથી મુખ્ય ૫–૬ મોટા, પેગમબરોનો, ગૌવધ કરીખાવાનો હુકમ ખ્રીસ્ટીઓની, બાઇબલથી સાબેત કરી આપીએછીએ, જુવો. ઊતપતી અધીઆઇ ૯ વસ ૩ માં હજરત નુહ પેગમબરને, ખુદાતાઆલાએ સરવે પાકજનાવરો ખાવાનો હુકમ આપેલોછે. અને, અધીઆઇ ૧૫ વર્સ ૯ માં ખુદાતાઆલાએ હજરત ઇબરાહીમ પેગમબરને ગાય બકરી વીગેરેને, વધ કરવાનો હુકમ આપેલોછે. અને નીર્ગમન "અધીઆઇ ૩૨ માં વાછરડો પુજનારાઓને. ખુદાતઆલાએ, હજરત મુસા, પેગમબરને, હુકમ આપી મારી નખાવ્યાછે. અને, "લેવીય" અધીઆઇ ૧ વર્સ ૨ માં તેવણને ગાયબકરા, વધ કરવાનો હુકમ આપેલોછે. અને "બ ૭ સમોયલ "અધીઆઇ ૨૪ માં ખુદાતાઆલાએ હજરત દાઉદ પેગમબરને, બલદ વધ કરવાનો હુકમ આપેલોછે અને માત્થી આધીઆઇ ૫ વર્સ ૧૭ માં, હજરત ઇસુ ખીરશત પેગમબરે તે સરવે સાસતરો પ્રમાણે, ચાલવાનું કહી અધીઆઇ ૨૨ વર્સ ૪ માં બલદ વધ કરવાનું કહેલુંછે, અને એ, શરવે પેગમબરો "પાલશટેન એટલે" (શામ) ના, ઇલાકમાં, જયાંની જમીન ઘણી ફળવંતછે. ત્યાં થઇ ગયાછે. અને એ સરવે પાક ચીજોને, કુરઆન શરીફમાં સુરા નહલ, રકુ ૧૫ અને અનઆમ રકુ ૧૬ માં ખુદાતઆલાએ મોહમમદ પેગમબર સલલ્લાહો, અલેહે વસલ્લમને, ખાવાનો હુકમ, આપેલોછે, એનું નામ મુસલમાનછે.

હવે શ્રીમન સાહેબ, જે એક મોહમમેદન યુનાની હકીમની કીતાબથી ગઉનું માસ ખાવાનો, વાંધો બતાવ્યોછે. તે કાંઇ પુરાવો થઇ શકતો નથી કેમકે, હકીમનોતો ધારોજ છે કે, દરએક ચીજનું વાઇફું; ગરમ, ઠંડું, અને તેનો નફો નુકશાન બતાવેછે. તેથી કઇ તે હરામ થઇ શકતું નથી, અને જો, એમજ મનાયતો, ફેરી હીનદુઓ, હમેશા, વાલ, વટાણા, કોલુ, તુરયા, ખાયછે. જેથી ઉનાળાનાં મોસમમાં, કોઠો છુટી કોલેરાની તરેહ થાયછે, અને ગઉનુ, માસખાવાનો ફાઇદો, બ. જોતો અમે શું બતાવીએ! પણ પેહલાનો જાહેરમાં, યુરો

પના, માણસો, હમેશ ખાય એવાતો; જોરાવર અને હીમતવાન, થયા કે, તમામ દુનીયાના, ભાગોમાં, લડી, હાકેમ થઈ ગયાછે. અને શ્રીમન સાહેબ જે ઈંગલન્ડ અને, અમેરિકામાં, ગઉવધ, નહીં થવાનુ કહેછે. એ તદન ભુલાવોછે. કેમકે, ત્યાં, એટલો ગઉવધ થાયછે કે, ત્યાંનાં માણસો ખાતાં વધીને હજારો પીપ ખારા, માસના ભરાય બીજા દેશોમાં આવી વેચાયછે. અને શ્રીમન સાહેબ જે દીવાને હાફેઝથી કોઈનુ દીલ નહીં દુખાવવાનુ કહેછે. એ ખરૂંછે. પણ તેવણ એટલું નહીં સમજયાંકે, એ ખોટા કામને માટે નથી, પણ ખરા કામને માટે, કહેલુછે. નહીતો કોઈ ખોટાનો ઈનસાફજ થઈ શકતો નથી, પણ એથીતો, ઉલટા હીનદુઓજ મુસલમાનોના ધરમનો હુકમ અટકાવી તેવણના દીલ દુખાવવા નીકળયાછે. અને અમેતો ખરી વાતોથી કોઈનું દીલ દુખાવતા નથી, જેમકે ગઉવધ કરવાથી, સવામી સાહેબ હીનદુઓનું દીલ દુખાવવુ કહેછે. પણ ગઉવધ કરવાનું હીનદુઓના વેદમાં, કાંઇ અટકાવ નથી પણ હુકમછે. તે અમે "તજબીહુલ બકર" નામની કીતાબથી નીચે લખી જણાવીએ છીએ,

જુવો "યજરવેદ" અધીઆઈ ૨૪ મનતર ૨૮ થી લખયુ છેકે, બરસપતીને માટે, ગાયની કુરબાની એટલે (ભોગ) આપવો જોઈએ, અને "રેગવેદ" અસ્ટકા ૧૬ અધીઆઈ ૩ સવકત ૬ થી લખયુ છેકે, તે માસ, ખાવાની ખુલી રજાછે. અને "રેગવેદ" મનડલ ૬ સવકત ૧૬ થી લખયુછેકે, ઘણા હેતથી લખેલુછેકે, ગાયનું માસ ઘણો સારો ખોરાકછે. અને રેગવેદ, અસ્ટકા ૪ અધીઆઈ ૧ સવકત ૧૫ મનતર ૮ થી લખયુછેકે, ત્રણસો ભેંસોની કુરબાની થઈ. અને રેગવેદ, ભાગ ૨ પાના ૪૧૦ થી લખયું છેકે, દુઆ એટલે (આશીરવાદ)ની તરેહથી કહેછેકે, એકસો, પણ એવીજ તરેહથી કુરબાની કરવી જોઈયે અને પ્રોફેસર મી. વીલસન સાહેબની રેગવેદની ટીકાથી લખયુ છેકે, ઘણી મજબુત ગવાહ વેદની આ વાત પરછેકે, વેદના વખતમાં, ખુલ્લી તરેહથી ગાયનું માસ ખાતાહતા, અને જગ્યા જગ્યા, હીનદુઓની દુકાનોપર વેચાતું હતું. અને" મુંબાઈની પુસ્તક પ્રસારક "મંડલીની છપાવેલી વેદમાં શુંછે એ નામના ચોપાનીયાના પાના ૨૪ થી ૩૦ માં પણ વેદથી ગાય ગોધા; મારવુ લખેલુછે. ત્યારે હીનદુઓનું દીલ દુખાવવુ કેમ થયું ? પણ હીનદુઓ જેમ દુનીયામાં, થોડુ વખત જીવવાના શુખ ભોગવવા માટે, પોતાના ધરમને મુકી તેમાંજ લાગી ગયાછે, તેમ, મુસલમાનો કદી લાગસે નહીં. તેથીજ મુસલમાનો, દુનીઆના, કામોમાં પાછળ પડી ગયાછે, કેમકે, મુસલમાનો, દુનીઆના એક ઘડીના સુખ દુખને કાંઇ સમજતાજ નથી. પણ; જયાં હમેશા જીવી સુખ ભોગવવુંછે, તેનોજ ખીઆલ રાખેછે. અને એ દેખીતુંછે, કે, મુસલમાનનો છોકરો સમજતો થયો, કે. તેને કુરઆન પડાવી ધરમના હુકમથી વાકેફ થવા, મદરેસામાં મોકલેછે. અને, હીનદુનો છોકરો, સમજતો થવાથી આંકની ચોપડી અને. નામુ લખવા સીખાડેછે, જેથી હજારોમાં, પણ એક વેદ પડેલો નથી.

હવે. શ્રીમન સાહેબ કહેછે કે, ભેંસો બાર માસે, વીયાયછે. અ
જે, બકરી પણ લાંબી મુદ્દતે વીયાતી હોવાથી બાલકોને, તેનું દુધ
આપી શકાતું નથી. અને ગાય ૯ માસે વીયાતી હોવાથી, તેનું દુધ
અડચણ કરતું નથી પણ, તેવણને, આટલી ખબર નથીકે. બકરી વર
સમાં બે વાર બે, ત્રણ બચ્ચાં. વીયાયછે. અને જો, આમ નહીં વયા
તી હોયતો, હીનદુસ્તાનમાં કુલ મોટા કલેકટરી શેહરો ત્રણસોછે, અને
દરએક, ને પેટે કંઈ ગામડાઓછે, તે દરએક ઈલાકા દીઠ ઓછામાં
ઓછા રોજના બસો બકરા કપાતા હોયતો રોજના શાંઠ હજાર
કપાવા જોઈએ, પણ કદી તેની ખોટ પડતી નથી. અને ગાયના
દુધ વગર જે, બાલકોને મરણપામવાનું કહેછે એ પણ ખોટુ છે. કેમકે
એવું કોઈ ગામ નથીકે, ત્યા ગાયો, નહીં હોય. અને મોટા માણસ
તો ઘણુંકરી ભેંસનુંજ દુધ ઘી વધારે, પસન કરેછે. અને શ્રીમન સાહેબ
જે ગાયના. છાણનો ફાઈદો બતાવી જે જગયા કોલેરાનો. રોગ થયોહોય
ત્યાં તેના, છાણથી લીપેતો, કોલેરા અટકી જવાનું કહેછે. એ. પણ
તદન ખોટુંછે. કેમકે હીનદુઓના ઘરો છાણથીજ લીપાયછે. અને અ
મારા ગામમાં. ગયા મેહ માસમાં, કોઈ કોમમાં નહીં પણ ફક્ત
ઢોરો પાળનારા ખેડુત કણબીઓમાંજ કોલેરા જારી હતો, પણ હાં તેનો
ફાઈદો એટલોતો, છેકે, હીનદુ કોઈ દરીઆ પાર જાય. અથવા પર
કોમના વાસણમાં ખાય; પી, લીધું હોયતો; તે બરત કરી પંજગપ,
એટલે, દુધ, દહીં ઘી, અને છાંણ, મુતર પીને પવીત્ર થાયછે. જે તો
હકતુલ હીન્દના પાના ૫૯ અને ગયા ૧૫ જાનેવારીના ભરૂચના દીનમણી
છાપામાં, લખેલુંછે. પણ અફસોસ છેકે. ગુનેગાર માણસને, ખુદાને
ઘરાં નરકમાં પડવાનું કહી છાણ મુતર જેવું નરક પી પવિત્ર થાયછે.

હવે, શ્રીમન સાહેબ, ગૌવધ અટકયાથી પ્રજાનો લાભ બતાવી
ગાયને, માતા, અને, નારાયણ એટલે પોશાણ કરનારો ખુદા જેવો,
માનવાનું કહેછે. પણ એટલું નહીં સમજ્યાકે, ખુદાએ સરવે ચીજો
માણસનેજ માટે પેદા કરેલીચોછે. અને તેમાં. કોઇને પોસાણ કરવાની
શકતી નથી. કેમકે જો પૃથવીમાં, ઘાંસ, દાણો, નહીં પાકે તો, ગાય
શું કરી શકેછે? પણ તે પોતાનુંજ પોશાણ કરી શકેનહીં, ત્યારે પૃથ
વીને, દરજો મોટો ગણવો, જોઈએ, પણ, તેના પરતો રાત, દીવસ
અગેહ મુતરેછે. એવીજ તરેથી પૃથવી પર પણ વરસાદ, નહીં, પડેતો
તે શું કરી શકેછે. અને, વરસાદને. પણ વાદલા નહીં ભરી લાવેતો,
તે શું કરી શકેછે? અને વાદલાને પણ ફીરસતા નહીં, ભરાવી લા
વેતો, તે શું કરી શકેછે? અને ફીરસતાને પણ ખુદાનો હુકમ નહીં
થાયતો તે શું કરી શકેછે! ત્યારે સરવેથી મોટો દરજો. ખુદાનો
જ થયો, માટે તેનેજ સરવેનો પોશાણ કરનાર સમજી તે એકનીજ બંદ
ગી કરવી જોઈએ, પણ શ્રીમન સાહેબ તેની જગયા મુરતી પુંજવા
ની કસુર કબુલ કરી મુસલમાનોને, કાબા, શરીફ તરફ મોકુ રાખી નમા
જ પડવામાં મુરતી પુંજક કહેછે, પણ એટલું નહી. શમજયાકે, મુરતી
પુંજક તેને કહેછેકે, કોઈપણ ચીજનો, આકાર સામે રાખી પુંજા કર

વી ત્યારે જો, મુસલમાનો મુરતી પુંજક હોતતો, કાબા શરીફનો આકાર દરએક ઠેકાણે સામે રાખી બદગી કરતે પણ જોકોઈ તેમ કરે તો મુસલમાનીથી બાતેલ થાઈછે અને, તેજ તરફ મોહુ રાખી નમાજ પડવાનું કારણ એછે. કે, મુસલમાનોને ખુદાતઆલાએ કોઈ, પર ધરમની તરેહપર બંદગી કરવાનું અને ચાલવાનું ના કહેલુછે. ત્યારે દુની યામાં કોઈ ધરમ વાલાને બંદગી કરવાનું રૂખ (દીશા) નથી અને જેમ જેને, ફાવે તેમ મોહું કરી બદગી કરેછે. અને, મુસલમાનો પણ તેમ કરેથી તેવણને સાથે મલતા થાય, માટે તે સરવેથી જુદાજ રેહવાના કારણથી સરવે દુનીયાના મુસલમાનોને, પૃથવીના વચમાં એક નીશાન કાબા શરીફની બતાવી આપી કે સરવે તેજ તરફ મોહું કરી નમાજ પડે, એવીજ તરેહથી હીનદુઓ ભુલાવામાં, પડી સદા છવી સુખ ભોગવવાનું મુકતી પામવું ખોતા જાછે. પણ જો ખરાજ માર્ગ પર ચાલી ખુદાને ત્યાં છુટકારો પામી સવર્ગમાં દાખલ થવાની ફીકર હોયતો, એવીજ તરેહ મુસલમાનોથી તેની તપાસ કરી અમારી તરેહ એક ખુદાને માનનારા થઈ જાવ, અને નહીતો ઇનસાફના, દીવસે પસતાવું કાંઈજ કામ નહી આવશે. નહીછે ઉપર કાશેદને પણ પોહોંચાડી આપવું અને, એવીશે, અમે આ જગ્યા કાંઈ વધારે લખતા નથી પણ જો વધારે વાકેફ થવું હોયતો, અમારૂ રચેલુ ચોપાનીયુ "હીદાયતે હીનદુ" માં જુવો,

હવે, ઉપલા સરવે, હીસાબોથી કોઈ કહેકે, એમાં, જેમ ઢોરોનો વધારો બતાવ્યોછે. તેમ આગલા વરસોથી હાલ કેમ નહી વધ્યા? તો તેના જવાબમાં, 'અમે કહીએ છીએકે, જેમ ઢોરો વધતાં હતા તેમ ખાનારાપણ વધતા થતા જાયછે. પણ તેટલી સંખ્યા વધતી નથી અને, અસલ વાતતો, એછેકે, અમે, જેમ દુનીયાના ધારા પ્રમાણે હીસાબ કરી બતાવ્યોછે. તો તેમાં નહીં થવા જેવું હોય અને, ભુલ હોયતો, બતાવી આપો! અને ખુદાનેજ એમ વધારવું મનજુર ન હોય અને આજેજ સરવે ઢોરોમાં આફત મોકલી મારી નાખે તેમાં, અમારો અખતયાર નથી, અને, એમ ઢોરોપર આફત પણ આવેછે. નહીંતો દુનીયામાં માણષને રેહવાની જગ્યા પણ રહે નહી.

હવે, શ્રીમન સવામી સાહેબ કેવા માણસછે, અને તેવણના કામો કેવાછે તે કાંઈ અમે લખતાનથી પણ તા૰ ૭ મી જુલાઈ ૧૮૮૯ ના મુબાઈના "ગુજરાતી" નામના છાપામાં તેવણની તારીફ જોઇ અને આમાં તેવણે, મોહમમેદન ધરમના નામથી, આપેલા દાખલાઓનો, જવાબ જોઈને, લોકો તેવણના ભાષણો સાંભલેતો સારૂ છે.

હવે, આટલેથીજ અમે સમાપ્ત કરી ખુદાતઆલા પાસે દુઆ માંગીએ છીએકે, ઓ અલ્લા આ ચોપાનીયાને સરવેની સમજમાં લાવી ખરી વાતની સમજ પાડી અમારે જેવા એક ખરા ખુદા નરંજન નરાકાર માનનારા કર અને, અમો, ગુનેગારના ગુનાહ અને, એમાં કાંઈ ભુલ ચુક થઇ હોય તે માફ કરી છેલી ઘડી સુધી અમો અને અમારા ભાઈયોને સાથ ઈમાનથી લેજ્જે 'આમીન" આમીન આમીન

ના૦ ૨				ના૦ ૩							ના૦ ૨			
જમાદીલ અવ્વલ	રબીઉલ અવ્વલ જીલહજ	જીલકાદ જમાદીલ આખર	જીલકાદ જમાદીલ આખર	જુમા	જુ	બુ	મં	પી	ઇ	સ	રમજાન રબીઉલ આખર	રજબ સફર	મોહરમ સવ્વાલ	સાબાન
મોહરમ સવ્વાલ	સાબાન	રજબ સફર	રજબ સફર	સ	જુમા	જુ	બુ	મં	પી	ઇ	જમાદીલ અવ્વલ	રબીઉલ અવ્વલ જીલહજ	જીલકાદ જમાદીલ આખર	રમજાન રબીઉલ આખર
જીલકાદ જમાદીલ આખર	રમજાન રબીઉલ આખર	રબીઉલ અવ્વલ જીલહજ	રબીઉલ અવ્વલ જીલહજ	ઇ	સ	જુમા	જુ	બુ	મં	પી	મોહરમ સવ્વાલ	સાબાન	સફર રજબ	જમાદીલ અવ્વલ
રજબ સફર	જમાદીલ અવ્વલ	સાબાન	સાબાન	પી	ઇ	સ	જુમા	જુ	બુ	મં	જીલકાદ જમાદીલ આખર	રમજાન રબીઉલ આખર	રબીઉલ અવ્વલ જીલહજ	મોહરમ સવ્વાલ
રબીઉલ અવ્વલ જીલહજ	મોહરમ સવ્વાલ	રમજાન રબીઉલ આખર	રમજાન રબીઉલ આખર	મં	પી	ઇ	સ	જુમા	જુ	બુ	રજબ સફર	જમાદીલ અવ્વલ	સાબાન	જીલકાદ જમાદીલ આખર
સાબાન	જીલકાદ જમાદીલ આખર	જમાદીલ અવ્વલ	જમાદીલ અવ્વલ	બુ	મં	પી	ઇ	સ	જુમા	જુ	રબીઉલ અવ્વલ જીલહજ	મોહરમ સવ્વાલ	રમજાન રબીઉલ આખર	રજબ સફર
રમજાન રબીઉલ આખર	રજબ સફર	મોહરમ સવ્વાલ	મોહરમ સવ્વાલ	જુ	બુ	મં	પી	ઇ	સ	જુમા	સાબાન	જીલકાદ જમાદીલ આખર	જમાદીલ અવ્વલ	રબીઉલ અવ્વલ જીલહજ

સને ૧૩૦૧ થી સને ૧૪૦૦ સુધી જે સાલના મહીનાની તારીખ જોવી હોયતો ૧૩૦૦ મુકીદઇ ના૦ ૧ ના કોઠાઓમાં બાકી ના સાલનો આંક જોવો પછી જે મહીનો જોવો હોય તે તેનેજ નીચે ના૦ ૨ ના કોઠામાં તેના સીધા જોવો અને તેનો જે વાર જોવો હોય તે ના૦ ૩ ના કોઠામાં તેના સામો સીધા જોવો અને તેની તારીખ ના૦ ૪ના કોઠામાં તેના ઉપર સીધા જોવી જેથી તે મહીનાના વાર અને તારીખ અને આવતા મહીનાનો પેહેલો વાર જુવેથી ચાંદરાત માલમપડશે વલ્લાહો આલમ બીસ્સવાબ.

હીજરી સને ૧૩૦૧ થી ૧૪૦૦ સુધીનું પંચાંગ કમરી.

ના૦ ૧

૩	૨	૪	૧
૧૧	૧૦	૧૨	૯
૧૯	૧૮	૨૦	૧૭
૨૭	૨૬	૨૮	૨૫
૩૫	૩૪	૩૬	૩૩
૪૩	૪૨	૪૪	૪૧
૫૧	૫૦	૫૨	૪૯
૫૯	૫૮	૬૦	૫૭
૬૭	૬૬	૬૮	૬૫
૭૫	૭૪	૭૬	૭૩
૮૩	૮૨	૮૪	૮૧
૯૧	૯૦	૯૨	૮૯
૯૯	૯૮	૧૦૦	૯૭

ના૦ ૪

૭	૬	૫	૪	૩	૨	૧
૧૪	૧૩	૧૨	૧૧	૧૦	૯	૮
૨૧	૨૦	૧૯	૧૮	૧૭	૧૬	૧૫
૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૨૨
					૩૦	૨૯

ના૦ ૧

૮	૭	૬	૫
૧૬	૧૫	૧૪	૧૩
૨૪	૨૩	૨૨	૨૧
૩૨	૩૧	૩૦	૨૯
૪૦	૩૯	૩૮	૩૭
૪૮	૪૭	૪૬	૪૫
૫૬	૫૫	૫૪	૫૩
૬૪	૬૩	૬૨	૬૧
૭૨	૭૧	૭૦	૬૯
૮૦	૭૯	૭૮	૭૭
૮૮	૮૭	૮૬	૮૫
૯૬	૯૫	૯૪	૯૩